## હિંસક તોફાનો

● અનુસંધાન પહેલાનું ચાલુ

પડયો હતો, ટીયરગેસ છોડવો પડયો હતો, હિંદુ- મુસ્લિમ સંગઠનો આમને- સામને આવ્યા હતા. અને પરિસ્થિતિ નિયંત્રણમાં લાવવા માટે પોલીસે હવામાં ગોળીબાર કર્યો હતો. કરફ્યુ મૂક્યો હતો. કલમ ૧૪૪ની જમાવ બંધી લાગુ કરી ૨૦ એફઆઈઆર નોંધાવી અને ૨૦ જણની ધરપકડ કરવામાં આવી છે. ખાસ રમખાણ અમરાવતીમાં વકરતાં વિવિધ સ્થળોએ વધારાની પોલીસ ફોર્સ તૈનાત કરવામાં આવી હતી. આ સિવાય ઠેર ઠેર વાહનોને આગ ચાંપીને લાકો રૂપિયાનું નુકસાન કરાયું હતું. લગભગ ૧૮થી વધુ પોલીસો જખ્મી થયા છે. ગૃહમંત્રી દિલીપ વળસે પાટીલે જણાવ્યું હતું કે અમરાવતી સિવાય સમગ્ર રાજ્યમાં શાંતિ છે. અમે સ્થાનિક લોકોને શાંતિ જાળવવા અપીલ કરીએ છીએ સમાજમાં તિરાડ પાડનારા સામે કાર્યવાહી કરાશે, જો કોઈ ઉશ્કેરશે તેની સામે કાર્યવાહી કરાશે. અમરાવતી શહેરના રાજકમલ ચોકમાં નીકળેલા દેખાવકારોના રેલી પર પથ્થરમારો કરીને દુકાનોને નુકસાન કર્યું અને આગ ચાંપી હતી. તેઓને અટકાવવા પોલીસે લાઠીચાર્જ કર્યો હતો. હિન્દુ- મુસ્લિમ સંગઠન આસમે- સામને આવતા ટીયર ગેસ છોડવામાં આવ્યો હતો. હવામાં ગોળીબાર સુદ્ધા કરવામાં આવ્ યો એમ પોલીસે જણાવ્યું હતું. પૂર્વ મહારાષ્ટ્રના અમરાવતી શહેરમાં જિલ્લા મેજિસ્ટ્રેટની ઓફિસની બહાર ૮૦૦૦થી વધુ લોકોએ મેમોરેન્ડમ સબમિટ કરવા માટે એકઠા થયા હતા. આ આવેદન પત્રમાં લઘુમતી સમાજ પર થતા અત્યાચાર રોકવાની માગ કરવામાં આવી હતી.

## ૭૦૦ કરોડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મળે. પહેલાં સરકારની યોજનાનો લાભ સિલેક્ટેડ લોકોને મળતો હતો. પીએમ મોદીએ પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણની લાભાર્થી અનીતા સાથે વાત કરી. પીમએ મોદીએ કહ્યું કે હું તમને પાકું મકાન આપીશ પરંતુ તમારા બાળકને પાકુ ભવિષ્ય તમે આપી શકો છો એટલા માટે બાળકોને ભણાવશો.

પ્રધાનમંત્રી મોદીએ એક અન્ય લાભાર્થીને પૂછ્યું કે શું તમને પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણમાં અરજી અથવા હપ્તો મેળવવા માટે કોઈને લાંચ આપવી પડી. જો આપી હોય તો કહેજો. તેના પર લાભાર્થીએ કહ્યું કે ના મારે કોઈ લાંચ આપવી પડી નથી.

# રાજ્યના ૧૧ પ્રવાસન સ્થળને વધુ સુવિધા સાથે વિકસાવાશે

### પ્રવાસીઓને આકર્ષિત કરવા લેવાયેલું પગલું : પ્રવાસન ઉદ્યોગને વેગ આપવા નિર્ણય : કેટલાક ધાર્મિક સ્થળો પર હેલિપોર્ટ વિકસિત કરવાની સરકારની યોજના

અમદાવાદ, તા.૧૪

પ્રવાસન ઉદ્યોગને વેગ આપવા અને સ્થાનિક લોકો માટે રોજગારીની તકો ઉભી કરવા માટે રાજ્ય સરકારે એક મહત્વનો નિર્ણય લીધો છે. રાજ્ય સરકારે ગુજરાતના ૧૧ પ્રવાસન સ્થળોનો વિકાસ કરવાનો નિર્ણય લીધો છે. જેમાં ઓછી જાણીતા હોય ત્યાં સુવિધાઓ વધારી પ્રવાસીઓને આકર્ષવા તેમજ પ્રવાસીઓ વધારે આવતા હોય પરંતુ તેની સામે સુવિધાઓ ઓછી હોય તેવા સ્થળોને સમાવવામાં આવ્યા છે. ૧૧ સ્થળોમાં જંગલ-બીચ જેવા હરવા-ફરવા સિવાય ઐતિહાસિક અને ધાર્મિક પ્રવાસન સ્થળો પણ સામેલ છે.

૧૧ નવા પ્રવાસન સ્થળોમાં પોલો ફોરેસ્ટ, ઝવેરચંદ મેઘાણી ટુરિસ્ટ સર્કિટ, મોરબી દયાનંદ ટ્રસ્ટ, બેટ દ્વારકા તથા શિયાળ બેટ, પોરબંદરનો દરિયાકિનારો, સુરતનો ડુમસ બીચ, ભીમરાડ ગાંધી સ્મારક, ડાંગમાં આવેલું પમ્પા સરોવર, શબરી ધામ, અંજની કુંડ તેમજ ગીરા ધોધનો સમાવેશ થાય છે. સ્ટેચ્યૂ ઓફ યુનિટીની મુલાકાત લેવા માટે મોટી સંખ્યામાં લોકો ઉમટતા હોય છે અને સાપુતારા પણ એટલો જ વધારો ધસારો જોવા મળે છે. આ સ્થળોની આસપાસ કેટલાક જોવાલાયક સ્થળો પણ છે તેને પણ રાજ્ય સરકાર દ્વારા વિકસિત કરાશે




રાજ્ય સરકારના પ્રવાસન વિભાગ દ્વારા ૮ યાત્રાધામો ખાતે હેલિપોર્ટ પણ બનાવવામાં આવશે. કે જેથી સતત હેલિકોપ્ટરની સુવિધા પણ મળતી રહે. જ્યાં હેલિપોર્ટ બનાવવાના છે તેવા યાત્રાધામોમાં પાલીતાણા, અંબાજી, સોમનાથ, શામળાજી, દ્વારકા અને સાપુતારાનો સમાવેશ થાય છે.

ગુજરાતના પ્રખ્યાત યાત્રાધામ દ્વારકા, સોમનાથ અને અંબાજીમાં હેલિપોર્ટ બનાવવાની યોજના બાદ સરકાર ઘણા સમયથી બંધ સી-પ્લેન ફરીથી શરૂ કરવાનું પ્લાનિંગ કરી રહી છે. મંત્રીમંડળની બેઠકમાં તમામ મુદ્દા પર વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી.

## રોટરી ક્લબ ઓફ કેપિટલ દ્વારા નવા નરોડા ખાતે ફિઝીયોથેરાપી સેન્ટરનો પ્રારંભ



ગાંધીનગર, તા. ૧૪

રોટરી ક્લબ ઓફ કેપિટલ સંચાલિત 'કમળાબેન રામભાઈ પ્રજાપતિ ફિઝીયોથેરાપી સેન્ટર'નું નવા નરોડા ખાતે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ સેન્ટરને નિમિષાબેન સુથાર (ગુજરાત હેલ્થ એન્ડ ફેમીલી વેલ્ફેર એન્ડ મેડીકલ એજ્યુકેશન) મંત્રીના વરદહસ્તે જનતા માટે ખુલ્લુ મુકેલ છે. આ પ્રસંગે નિમિષાબેન સુથારે રાટેરી ક્લબ ઓફ કેપિટલની પ્રવૃત્તિને બિરદાવી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત ગુજરાત સરકારના નિવૃત્ત આઈ.એ.એસ. અધિકારી એસ.કે. નંદાએ પણ આ ફિઝીયોથેરાપી સેન્ટર સમાજને કઈ રીતે ઉપયોગી બની રહેશે તે અંગે માર્ગદર્શન આપીને આ વિસ્તાર માટે ખાસ મદદરૂપ બની રહેશે તેમ જણાવ્યુ હતુ. આ સંસ્થાના પ્રમુખ અમીબેન શાહે રોટરી ક્લબ ઓફ કેપિટલના સ્થાઈ પ્રોજેક્ટ બદલ કમળાબેન રામભાઈ પ્રજાપતિ પરિવાર, ડૉ. નિધિ પ્રજાપતિ, રોટે. હાર્દિક પ્રજાપતિ અને રોટે. મનોજભાઈ સરૈયાનો આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં રોટરી ક્લબના સભ્યો તથા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન સંસ્થાના સેક્રેટરી પાર્થ ઠક્કરે કર્યુ હતુ.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

દિકરીઓને ભણાવીએ, બે કુળ તારીએ.
સૂર્યના પ્રથમ તેજસ્વી કિરણોથી આરંભાયેલું નૂતન વર્ષ સૌની મનોકામના પરીપૂર્ણ કરનારૂ, યશસ્વી, લાભદાયી અને કલ્યાણકારી વર્ષ બની રહે તેવી શુભકામના..





પ્રેમીલાબેન પ્રભાતપુરી ગોસ્વામી
અમદાવાદ

પ્રભાતપુરી શંકરપુરી ગોસ્વામી
(ગવર્મેન્ટ ઓડીટર)
B.A., B.com, L.L.B., GDC & A

મેઘરજ તાલુકાના સર્વ પ્રજાજનો, ખેડૂત ભાઈ-બહેનો, વેપારીબંધુઓ માટે આરંભાયેલું નૂતન વર્ષ સફળતા આપનારૂ યાદગાર વર્ષ બની રહે, કૃષિક્ષેત્રે હરિયાળી ક્રાંતિ આપનારૂ યાદગાર વર્ષ બની રહે તેવી હાર્દિક શુભકામના..

ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ

હીરાજી વી. ડામોર
ચેરમેન

દિલીપભાઈ એન. ચૌહાણ
સેક્રેટરી

જતિનકુમાર જી. પંડ્યા
વાઈસ ચેરમેન

તથા બોર્ડ ઓફ ડિરેક્ટરશ્રીઓ, કર્મચારી ગણ

મુ. માર્કેટયાર્ડ મેઘરજ, તા.મેઘરજ, જિ.અરવલ્લી

ખેડૂત ભાઈઓ આપની પાક ઉપજ માર્કેટયાર્ડમાં આવી જાહેર હરાજીમાં વેચવાનો આગ્રહ રાખો, બહારના લે-ભાગુ વેપારીઓથી સાવધ રહો.

પર્યટન સ્થળો અને તિર્થ સ્થળોનો વિકાસ સાથે થઈ રહ્યો છે રાજ્યનો વિકાસ. શુભેચ્છકો, સ્નેહીજનો, મિત્રો માટે આરંભાયેલું નૂતન વર્ષ દરેક ક્ષેત્રે સફળતા આપનારૂ યશસ્વી વર્ષ બની રહે તેવી શુભકામના..

AA..DIL
બાયડ, જિ. અરવલ્લી

સ્વચ્છતાનું પાલન કરીએ, નિરોગી રહીએ.

નૂતન વર્ષનો સંકલ્પ લઈએ, ઘેર..ઘેર વૃક્ષ વાવીએ,
પ્રાર્થનાનો અર્થ માંગણી નથી, પણ મન શાંત કરવાની લાગણી છે.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો
દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥

આવો આપણે સૌ સાથે મળી
ગર્ભ સંસ્કાર આંદોલનને વિશેષ ગતિ આપીએ.
ભારતીય સંસ્કૃતિમાં માતાના ગર્ભમાં જ બાળકને વિશેષ સંસ્કાર આપવાનું ખુબ મહત્વ માનવામાં આવે છે, વિશેષ પ્રયાસ દ્વારા બાળકોને માતાના ગર્ભમાં શ્રેષ્ઠ સંસ્કારોનું સિંચન થઈ શકે છે કારણ કે જન્મ લેનાર બાળકનો ૮૦ ટકા માનસિક્તાનો વિકાસ માતાના ગર્ભમાં જ થતો હોય છે.
અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વાર દ્વારા સમગ્ર વિશ્વમાં ચાલી રહેલા આવો ઘડીએ સંસ્કારવાન પેઢી આંદોલન ચલાવવામાં આવ્યું છે જેમાં સગર્ભા બહેનોને જન્મ લેનાર બાળકનું શ્રેષ્ઠ નિર્માણ થાય તે માટે વિશેષ માર્ગદર્શન આપવા પ્રયાસ કરવામાં આવે છે.



ગાયત્રી ઉપાસક
ગુજરાત મેં એક ગાયત્રી કે ઉપાસક
K
મોડાસા, જિ. અરવલ્લી

સત્યને જાણવાની હિંમત ધરે એવું સાહસ રાખો, સત્ય દર્શાવવાની હિંમત રાખો, મૃત્યુ સમક્ષ પણ થરથરો નહીં, બલ્કે મૃત્યુને વધાવી લો "હું આત્મા છું" એમ જાણો તો જ તમે મુક્ત થશો.
સર્વ શુભેચ્છકો, મિત્રોને દિપાવલી-નૂતન વર્ષની શુભકામના..

HARISIDH S. PATEL
BAYAD, DIST. ARVALLI

મેઘરજના સર્વ પ્રજાજનો, ગ્રાહકબંધુઓને દિપાવલી-નૂતન વર્ષની શુભકામના..

Steel for modern Engineering
Kay2 STEEL TMT BARS
AUTHORISED DEALER

BHAVESH BHAI
(M) 94263 66067

GANESH STEEL
Opp. Hariom Vidhyalay, Malpur Road
Meghraj, Aravalli-383350 (Gujarat)

info@kay2steel.com | www.kay2steel.com | Helpline : 9958109191, 9958289191

કેળવણીના ઉજાસથી નૂતન વર્ષને દિપાવલીએ, નૂતન વર્ષ સૌના જીવનમાં કેળવણી ક્ષેત્રે યાદગાર વર્ષ બની રહે તેવી હાર્દિક શુભકામના..
રાજપૂર કેળવણી મંડળ-સંચાલિત શૈક્ષણિક સંકુલો વતી સૌને નૂતન વર્ષાભિનંદન..

એમ. એમ. પટેલ સાયન્સ કોલેજ-વિજયનગર
શ્રી એમ. એન. પટેલ એમ.એડ્. કોલેજ-વિજયનગર
બી.એડ્. કોલેજ-વિજયનગર
એમ.એમ.પટેલ એમ.એસ.ડબલ્યુ કોલેજ-વિજયનગર
આર્ટસ કોલેજ-વિજયનગર
એમ. એમ. પટેલ કોમર્સ કોલેજ-વિજયનગર
ઈન્દીરા ગાંધી નેશનલ ઓપન યુનિ. પાર્ટનર
શ્રીમતી એમ. એમ. પટેલ પી.ટી.સી. કોલેજ-વિજયનગર
પી.જી.ડી.સી.એ. ટેકનિકલ કોલેજ-વિજયનગર
ઈન્સ્ટીટ્યુટ(વિજયનગર આર્ટસ કોલેજ)
કે. જે. પટેલ હાઈસ્કુલ-પરોસડા
આઈ.ટી.આઈ.-રાજપુર
એ.પી.ઠાકર વિદ્યાલય-રાજપુર

:: સુવિધાઓ ::
- દરેક ભૌતિક સુવિધાઓથી સજ્જ સ્કુલ કેમ્પસ.
- ઉચ્ચ શિક્ષિત, અનુભવી સંસ્થા તથા વિદ્યાર્થીઓને સમર્પિત શિક્ષક-અધ્યાપક.
- યુનિ. પરિણામમાં સતત ઉજ્જવળ દેખાવ.

શ્રી એમ. એન. પટેલ
પ્રમુખશ્રી

શ્રી એચ. એમ. પટેલ
મંત્રીશ્રી

તથા ટ્રસ્ટીગણશ્રી અને શૈક્ષણિક સંસ્થાઓના કર્મચારીશ્રીઓ
વિજયનગર, જિ. સાબરકાંઠા



॥ તમસો મા જ્યોતિર્ગમય, મૃત્યોર્મા અમૃતમ્ ગમયમ્ ॥
સૌને નૂતન વર્ષાભિનંદન
શ્રી નવચેતન કેળવણી ટ્રસ્ટ સંચાલિત
શ્રી ટી.એસ. પટેલ એજ્યુકેશન કેમ્પસ - આંબલીયારા

યુવાધન એ આવતી કાલની આશા, રાષ્ટ્રનું અનમોલ ધન,
એના શિક્ષણ અને સંસ્કાર માટે જેટલું કરીએ તેટલું ઓછું જ ગણાય.

સંસ્થાના આદ્યસ્થાપક



સ્વ.ટી.એસ. પટેલ






વિજયભાઈ ટી. પટેલ
મેનેજીંગ ટ્રસ્ટી



સંજયભાઈ ટી. પટેલ
મેનેજીંગ ડાયરેક્ટર

CAMPUS INSTITUTE

SHRI T. S. PATEL SCIENCE COLLEGE
SHRI T. S. PATEL P. G. SCIENCE COLLEGE
SHRI T. S. PATEL P.G.D.M.L.T. COLLEGE
SHRI T. S. PATEL B.A B.Ed. / B.Sc. B.Ed. COLLEGE
SHRI T. S. PATEL FIRE SAFETY COLLEGE
SHRI T. S. PATEL SANITARY INSPECTOR COLLEGE
SHRI T. S. PATEL B.R.S. COLLEGE
SHRI T. S. PATEL B.C.A. / P.G.D.C.A. COLLEGE
SHRI T. S. PATEL M.S.W COLLEGE
SHRI T. S. PATEL ARTS / COMMERCE COLLEGE



સંસ્થાની વિશેષતાઓ
- ફ્રી યુનિવર્સીટી તથા ગુજરાત સરકારના નિતિ નિયમો મુજબ • ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતાં અનુભવી અધ્યાપકો
- અદ્યતન સાધનોથી સુસજ્જ પ્રયોગશાળા/કોમ્પ્યુટર લેબ • નયનરમ્ય કુદરતી વાતાવરણ • સંદર્ભગ્રંથ સાથે સમૃદ્ધ લાયબ્રેરી
- એસ.સી., એસ.ટી., બક્ષીપંચ તથા વિચરતી વિમુક્ત જાતિના વિદ્યાર્થીઓને સરકારશ્રી દ્વારા મળતી સ્કોલરશીપનો લાભ
- કોલેજ કેમ્પસમાં વાઈ-ફાઈની તથા હોસ્ટેલ સુવિધા • વિદ્યાર્થીઓ માટે ફ્રી ટ્રાન્સપોર્ટેશનની સુવિધા

આંબલીયારા - ચાંદરેજ રોડ, મુ.પો.આંબલીયારા, તા.બાયડ, જિ.અરવલ્લી ૯૭૨૬૭૯૩૬૨૭ / ૯૪૨૬૯૭૫૮૬૨ Website : www.stspecampus.in